વિભાગ હસ્તકની કચેરીઓ માટે મકાન ભાડે
રાખવા બાબતના સુચનો.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:બીએલડી/૧૦૨૦૨૦/૭૮૧/લ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૫/૨૦૨૨

**પરિપત્ર:-**

રાજ્યના અલગ-અલગ જીલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાએ વિભાગ હસ્તકની કચેરીઓ કાર્યરત છે. તેમજ રાજ્યમાં વધતાં ઉદ્યોગ/વ્યાપાર તેમજ વધતી વસ્તીના લીધે ગુનાખોરી, માદક દ્રવ્યોની હેરાફેરી જેવા અન્ય ગુનાઓ રોકવા ગૃહ વિભાગ દ્વારા નવી કચેરીઓ ઉભી કરવામાં આવે છે તેમજ જુની કચેરીઓના વર્ષો જુના મકાનો જર્જરીત થતાં નવા મકાનના બાંધકામ માટે વિભાગ હસ્તકની કચેરીઓના પોતાના મકાન ઉપલબ્ધ ન હોઇ જે તે કચેરીનુ નવુ મકાન બાંધવામાં ન આવે ત્યાં સુધી અથવા સરકારી મકાન ઉપલબ્ધ ન થાય તેવા કિસ્સામાં ખાનગી માલિકીનું મકાન ભાડેથી રાખવામાં આવે છે. આમ, જે કચેરીઓ માટે ખાનગી માલિકીના મકાનો ભાડે રાખવાના થાય ત્યારે નાણાંકીય સત્તા (સોપણી) નિયમો-૧૯૯૮ના પ્રકરણ-૪ મુજબ મકાન ભાડે રાખવાની મંજુરી મેળવવાની રહે છે. તે ઉપરાંત નાણાં વિભાગના સૂચવ્યા મુજબની વિગતો અનુસરવાની રહે છે. પરંતુ તેનુ પાલન કરવામાં આવતુ ન હોવાનુ ધ્યાન પર આવેલ છે. આથી નીચે મુજબની સૂચનાઓ અમલ કરવા માટે પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) વિભાગ હસ્તકની કોઇ પણ કચેરી માટે ખાનગી મકાન ભાડે રાખવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ત્રણ ભાવપત્રકો મેળવવાના રહેશે.

(૨) ખાનગી મકાન ભાડે રાખ્યા પુર્વે નાણાંકીય સત્તા (સોપણી) નિયમો-૧૯૯૮ના પ્રકરણ-૪ મુજબ સોંપાયેલ નાણાંકીય સત્તા મુજબ પુર્વ મંજુરી અવશ્ય લેવાની રહેશે. મંજુરી મળ્યા બાદ ખાનગી મકાન ભાડે રાખવાનું રહેશે.

(૩) વિભાગને દરખાસ્ત મોકલતી વખતે નીચે મુજબની વિગતો અવશ્યપણે રજુ કરવાની રહેશે.

i. સરકારી મકાન ઉપલબ્ધ ન હોવા અંગેનું માર્ગ અને મકાન વિભાગનું અદ્યતન પ્રમાણપત્ર.
ii. ખાનગી મકાનનું ભાડાની યોગ્યતાનું માર્ગ અને મકાન વિભાગનું અદ્યતન પ્રમાણપત્ર
iii. ખાનગી મકાન માલિક સાથેનો નોટીરીરાઇઝ ભાડા કરાર અથવા સંમતિ પત્રક
iv. નાણાં વિભાગના તા.૧૨/૦૯/૨૦૧૪ના પરીપત્ર ક્રમાક:મકન/૧૦૨૦૧૪/૧૧૮૧/ઝ મુજબ પુરતી વિગતો સહિતનું સક્ષમ અધિકારીશ્રીના સહી સિક્કા વાળુ ચેકલીસ્ટ.

v. જે તે કચેરી માટે પોતાનુ મકાન બનાવવા માટે જમીન મેળવવા તેમજ મકાન બાંધકામ કરવા થયેલ કાર્યવાહીની વિગત

vi. મકાન ભાડે રાખનાર કચેરીના મહેકમની વિગત

vii. રીન્યુ કરવાના કિસ્સામાં બે માસ અગાઉ ઉક્ત અદ્યતન વિગતો સહ દરખાસ્ત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(ભરત વૈષ્ણવ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- નિયામક, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- કમાન્ડન્ડ જનરલ, હોમગાર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- નિયામકશ્રી, નાગરીક સંરક્ષણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- નિયામકશ્રી, ગ્રામ રક્ષક દળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- તમામ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ જીલ્લા અધિક્ષકશ્રી.

નકલ રવાના જાણ અર્થે:-

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણાં)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ ઝ શાખા, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારીશ્રી સીલેક્ટ ફાઇલ.